ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૩ ટકા

# શહેરમાં પ્રથમવાર શ્વાનનો મેડીકલ ચેકઅપ કેમ્પ

## કેમ્પમાં આવેલ શ્વાનને રમવા માટે ટોયઝ આપ્યું, ૧૭ દેશી શ્વાનને વેકિસન આપવામાં આવી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર કુડાસણ વિસ્તારના રાધે સ્કવેર ખાતે વિહાન પેટ કલીનીક દ્વારા આજરોજ શ્વાન માટે ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરમાંથી વિવિધ પ્રજાતિના ૮૦ થી વધુ શ્વાનોએ ફ્રી ચેકઅપનો લાભ લીધો હતો. જયારે દરેક શ્વાનને ફુડના સેમ્પલ તેમજ રમવા માટે ટોયઝ આપવામાં આવ્યું હતું.

ન્યુ ગાંધીનગર કુડાસણ વિસ્તાર સ્થિત રાધે સ્કવેર ૨૨૫ સેકન્ડ ફલોર પર આવેલ વિહાન પેટ કલીનીકના ડો. પ્રતિક સવલીકર દ્વારા નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. જે રીતે માનવીઓના વિવિધ મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાય છે. તે રીતે તેઓએ શ્વાનના ફ્રી નિદાન કેમ્પનું આયોજન આજરોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન પોતાના કલીનીક ખાતે કર્યુ હતું. જેમાં અમેરીકન સિટબુલ, જર્મન શેફર્ડ, લ્રેબાડોર, પગ, દસ્તન, ગોલ્ડન રીટરીવર, પામેરીયન પરશીયમ ટંક, ડોબરમેન સહિતની પ્રજાતિના ૮૦ થી વધુ શ્વાન પ્રેમીઓ પોતાના શ્વાનને લઈને આવ્યા હતા અને આ મેડીકલ કેમ્પનો લાભ લીધો હતો. ડો.પ્રતિકે તમામ શ્વાનની ચકાસણી કરી હતી અને જરૂરી દવાઓ આપી હતી. ખાસ કરીને શ્વાનમાં સ્કીન અને દાંત અને મોઢાના રોગ જોવા મળ્યા હતા. આ કેમ્પ દરમિયાન ૧૭ દેશી શ્વાનને પણ વેકસીન આપવામાં આવી હતી. જયારે ફ્રી નિદાન કેમ્પમાં આવેલ તમામ શ્વાનને પૌષ્ટીક ફુડ તેમજ રમવા માટે ટોયઝ ગીફટ તરીકે આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ખાસ શહેરના જાણીતા વેટરનીટી ડોકટર્સ પ્રશાંત પંચલોટીયા હાજર રહ્યા હતા. શહેરમાં સૌ પ્રથમવાર યોજાયેલા શ્વાનના મેડીકલ ચેકઅપ કેમ્પને તમામ શ્વાન પ્રેમીઓએ બિરદાવ્યો હતો. જયારે શ્વાન બિમાર પડે તો ઘરે ડોકટર્સ બોલાવવા પડે અથવા દુર સુધી જવુ પડતુ હતું. ત્યારે આ કલીનીકના પ્રારંભથી શ્વાન પ્રેમીઓને પોતાના શ્વાનની સારવાર નજીકમાં જ ઉપલબ્ધ થશે.



# રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરાયા

ગાંધીનગર, તા.૧૭

વૈદિક પરિવાર, ગાંધીનગર અને રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા સેકટર-૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટ અને દિવ્ય દૃષ્ટિ જાગરણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે રોટરી કલબનાં ડિસ્ટ્રીકટ ગવર્નર શ્રી મૌલિનભાઈ પટેલ ખાસ પધાર્યા હતા.

શ્રી મૌલિનભાઈ પટેલનાં હસ્તે શાળાની વિદ્યાર્થીનીઓને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતા. સ્વેટરની સાથે મંચસ્થ મહાનુભાવોનાં વરદ હસ્તે વિદ્યાર્થી ઔર તનાવ હિન્દી પુસ્તક પણ તમામ વિદ્યાર્થીનીઓને ભેટ આપવામાં આવી હતી. આ ઉપરાંત શાળાને બે ટેબલ ફેન પણ ભેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનનાં ઈન્ડિપેન્ડન્ટ ડાયરેકટર અને રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખ ડૉ. એસ. કે. નંદા અને આસીસ્ટન્ટ ગવર્નર શ્રી દેવેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

શ્રી અરવિંદભાઈ રાણાએ કલબ અને વૈદિક પરિવારનાં સંયુક્ત ઉપક્રમે ચાલતી સ્ટ્રેસ મેનેજમેન્ટ અને દિવ્ય દૃષ્ટિ જાગરણનાં કાર્યક્રમોની વિગતો આપી હતી. દિવ્ય દૃષ્ટિ જાગરણના પ્રત્યક્ષ નિદર્શન દરમ્યાન બંધ આંખે વિદ્યાર્થીનીઓને વાંચતા જોઈ મંચસ્થ મહાનુભાવો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા.

ડૉ. એસ. કે. નંદાએ સ્ટ્રેસ મેનેજમેન્ટ અને દિવ્ય દૃષ્ટિ જાગરણનાં કાર્યક્રમો દ્વારા બૌદ્ધિક ક્ષમતામાં ખૂબ મોટો વધારો થતો હોવાનું જણાવી અભ્યાસમાં સફળતા મેળવવા પ્રેરણા આપી હતી. ડિસ્ટ્રીકટ ગવર્નર શ્રી મૌલિનભાઈ પટેલે રોટરી કલબ દ્વારા ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી ગાંધીનગરની કલબ દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓની પ્રસંશા કરી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં વિદ્યાર્થીનીઓને સ્વાગત ગીત રજૂ કર્યું હતું. સ્વાગત ગીત બાદ આસનોનું નિદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વૈદિક પરિવારનાં ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધી, રોટરી કલબનાં સ્થાપક પ્રમુખ જગતભાઈ કારાણી, પૂર્વ પ્રમુખોમાં યુવરાજસિંહ વાઘેલા, અરવિંદભાઈ રાણા, અમીબહેન શાહ, મનોજભાઈ સરૈયા, પ્રેસિડન્ટ ઈલેકટ ભરતભાઈ પટેલ, સેક્રેટરી અભેરાજભાઈ ચૌધરી, રોટે. જયશ્રીબહેન ખેતીયા સહિત શાળાનાં શિક્ષકગણ અને ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. શાળાનાં શિક્ષક વી. સી. ઉપાધ્યાયે રોટરી કલબ દ્વારા શાળામાં કરવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરી સેવા ભાવનાની પ્રસંશા કરી સૌનો આભાર માન્યો હતો.



# સે-૩૦ પાસે પુલ પરથી છલાંગ લગાવનાર યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૭

અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા ૨ વર્ષીય યુવાનનું બાઈક ગઈ કાલે સે-૩૦ પાસે નદીના પુલ પરથી મળી આવ્યું હતું. નદીમાં તેની શોધખોળ ચાલી રહી હતી દરમિયાન આજ મૃતદેહ મળી આવ્યો હતો. આ યુવાને પ્રેમમાં નિષ્ફળતા મળતા આપઘાત કરી લીધો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. સે-૨ પોલિસે મૃતદેહ પીએમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

ગોતાના વંદેમાતરમ ફલેટમાં રહેતો ૨૧ વર્ષીય યુવાન વિરલ ચંદુભાઈ પટેલ બે દિવસથી ઘરેથી લાપતા હતો દરમિયાન ગઈ કાલે તેનું યામાહા બાઈક સે-૩૦ પાસે સાબરમતી નદીના પુલ પરથી મળતા પરિવારજનોએ પોલીસ અને ફાયરબ્રિગેડ બોલાવી નદીમાં શોધખોળ કરાવી હતી. દરમિયાન આજે સવારે વિરલ પટેલનો નદીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. સે-૨૧ પોલિસે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પોલિસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વિરલને પ્રેમમાં નિષ્ફળતા મળતા તેણે આ પગલું ભર્યું છે. વિરલ એક યુવતીના પ્રેમમાં હતો. એમબીએ કોલેજમાં પણ બંને સાથે હતા. પંરતુ તે યુવતી બીજાના પ્રેમમાં હતી અને સમજાવવાનો પ્રયત્ન કરવા છતા નિષ્ફળ જતાં આખરે કંટાળીને તેણે આપઘાત કરી લીધો હતો.

# નવા સેકટરમાં ખાનગી ટયુશન કલાસની બહાર વાલી -શિક્ષક તુતુ-મેમે ના દશ્યો સર્જાયા

ગાંધીનગર શહેરના નવા સેકટરમાં ચાલી રહેલા ટયુશન કલાસમાં ગઈકાલે રાત્રીના સમયે ટયુશન કરાવતા શિક્ષક અને વાલી વચ્ચે ઉગ્ર બોલાચાલી થવા પામી હતી. પ્રાપ્ત માહિતી મુજબ આ અજીબો ગરીબ કિસ્સામાં ટયુશન કરાવતા શિક્ષકે વિદ્યાર્થીને ઠપકો આપતા તે વાત પોતાના પિતાને વિદ્યાર્થીએ કહેતા પિતાનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો. અને વિદ્યાર્થીને લઈ ટયુશન કલાસ પર આવ્યા હતા. જયારે પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ શિક્ષક અને વાલી વચ્ચે મારામારીના દશ્યો પણ સર્જાયા હતા. ટયુશન કલાસમાં ભણતરના પાઠ ભણવા આવતા વિદ્યાર્થીઓ પણ આ બબાલને પગલે હેરાન પરેશાન થઈ ગયા હતા.

# વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા નવરાત્રીમાં ગૌ મૂત્રનો છંટકાવ કરાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર અને અન્ય શહેરોમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવનાર થે ત્યારે આ વર્ષે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા ગરબા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓને કપાળે કંકુ તિલક તેમજ ગૌ મુત્ર મિશ્રિત ગંગાજળનો છંટકાવ કર્યા બાદ પ્રવેશ આપવામાં આવશે તેમ ગાંધીનગર વિશ્વ હિન્દુ પરિષદે જણાવ્યું છે.





ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા આયોજિત સફાઈ અભિયાન લોક જાગૃતિ ભાગીદારી ઝુંબેશ-વૃક્ષારોપણ-મેડીકલ કેમ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મહાન વિભૂતિઓની પ્રતિમાઓ સાફ કરવી તે જ મારી રાષ્ટ્રભકિત

## છેલ્લા ૧૯ વર્ષથી લક્ષ્મણભાઈ રાવત નિઃસ્વાર્થ ભાવે રાષ્ટ્ર વિભૂતિઓની પ્રતિમાઓની સફાઈ કરે છે : શાળાઓ તથા પોલિસ સ્ટેશનની પાણીની ટાંકીઓ સાફ કરી આપીને તેમણે સાચા 'સ્વચ્છતા અભિયાન'નું ઉદાહરણ પુરું પાડયું છે



**સંબંધ સજાવે જિંદગી**
સમીર રામી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના ઘ-૫ સર્કલે ગુજરાતના મૂક સેવક પૂ. રવિશંકર મહારાજની પ્રતિમા પ્રસ્થાપિત કરાયેલી છે. વર્ષ ૨૦૦૫માં તા. ૨૫મી ફેબ્રુઆરીના દિવસે એક યુવાન આ પ્રતિમા પાસે નિસરણી લગાવી હાથમાં ડોલ અને કપડું લઈ ઉપર ચઢી પ્રતિમાની સફાઈ કરી રહ્યો હતો. ચુપચાપ સંપૂર્ણ તન્મયતાથી સફાઈ કાર્ય કરી રહેલા આ યુવાન પર કેટલાક નગરજનોનું ધ્યાન ગયું અને તેમણે પૃચ્છા કરી ત્યારે ખબર પડી કે તે દિવસે પૂ. રવિશંકર મહારાજની જન્મતિથિ હતી અને સફાઈ કરનાર યુવાન લક્ષ્મણભાઈ રાવત અમદાવાદના ગીરધરનગરથી આવ્યો હતો તેમજ નિઃસ્વાર્થ ભાવે પ્રતિમાની સફાઈ કરી આદરપૂર્વક ફુલહાર કરી ત્યાંથી ચાલતો થયો હતો. પૂ. રવિશંકર મહારાજની પુણ્યતિથિને ભુલી જનાર નેતાઓ પ્રત્યે તે દિવસે નગરજનોમાં રોષ ફેલાવા પામ્યો હતો.

સદીઓથી ભારત ભૂમિ મહાન વિભૂતિઓની ભૂમિ રહી છે અને આ ધરતી પર પેદા થયેલા મહાન રત્નોએ ભારતીય સંસ્કૃતિની સુવાસ વિશ્વમાં ચોમેર પ્રસરાવી છે. સંતો-મહાત્માઓથી માંડીને વીરો-બહાદુરોને તેમના અનન્ય યોગદાન બદલ તેમની પ્રતિમા પ્રસ્થાપિત કરી આદરપૂર્વક સન્માનવાની પ્રથા આપણા દેશમાં પ્રચલિત છે જે કૃતજ્ઞતા વ્યકત કરવાની એક પધ્ધતિ છે. ભારતને બ્રીટીશ સાશનની ગુલામીમાંથી સ્વતંત્રતા અપાવવા પોતાનું જીવન હોમી દેનાર સ્વાતંત્ર્ય સેનાનીઓની પણ આપણે પ્રતિમાઓ પ્રસ્થાપિત કરી તેમની જન્મતિથિ, પુણ્યતિથી કે સ્મરણીય દિવસો પર પુષ્પાંજલિ અર્પણ કરી આદર-સન્માન વ્યકત કરી ફરજ નિભાવીએ છીએ. આ મહાન વિભૂતિઓના નામ પર મત અંકે કરવામાં પાવરધા રાજકારણીઓ ઘણીવાર આ ફરજ ચુકી જાય છે ત્યારે સામાન્ય નાગરિકોને ભોળવાયાનો અહેસાસ થાય છે. જો કે છેલ્લા ૧૯ વર્ષથી નિઃસ્વાર્થ ભાવે ગાંધીનગર અને અમદાવાદ સ્થિત મહાનુભાવોની પ્રતિમાઓને સાફ કરવાનું અને સન્માનવાનું કાર્ય 'ગાંઠનું ગોપીચંદન' કરીને કરતા લક્ષ્મણભાઈ રાવત માને છે કે, 'આપણી મહાન વિભૂતિઓને સન્માન આપવાની આપણી પોતાની પણ ફરજ છે.' જાહેર સ્થળોએ પ્રસ્થાપિત આ પ્રતિમાઓ પાસેથી અવારનવાર પસાર થતી વખતે તેની દુર્દશા જોઈ વ્યથિત થયેલા લક્ષ્મણભાઈએ પ્રથમવાર વર્ષ ૧૯૯૮માં દરિયાપુર દરવાજા બહાર સરદાર પટેલની પ્રતિમાની સફાઈ કરી હતી. આ કાર્ય કર્યા બાદ તેમને એટલો સંતોષ પ્રાપ્ત થયો કે આજીવન આ કાર્ય કરવાની તેમણે મનમાં ગાંઠ વાળી દીધી અને તે માટે શરૂઆતમાં મહિનાના બે દિવસ ફાળવી દીધા હતા.

દેશના રત્નોની પ્રતિમાઓને સન્માન બક્ષવાનો સંકલ્પ લેનાર લક્ષ્મણભાઈ રાવત મૂળ વિજાપુર તાલુકાના માલોસણ ગામના વતની છે અને અમદાવાદમાં ઉછર્યા અને ભણ્યા છે. એચએસસી બોર્ડની પરીક્ષા પાસ ના કરી શકનાર લક્ષ્મણભાઈ શરૂઆતમાં સફાઈ કર્મચારી અને હાલ ખાનગી ડ્રાયવરનો વ્યવસાય કરે છે. બે દિકરીઓના પિતા લક્ષ્મણભાઈએ શરૂઆતમાં એક સાબુ, એક ડોલ, એક ટુવાલ, એક ટબ્લર અને પ્રતિમા સુધી પહોંચવા માટે નાનકડી સીડી લઈને પોતાના ટુ વ્હીલર પર જઈ પ્રતિમા સાફ કરવાનું કાર્ય કરવા લાગ્યા હતા. કયારેક પ્રતિમા ઉંચી હોય તો બે સીડી સાથે લઈ જઈ એકબીજા સાથે બાંધીને ઉપર ચડતા. પ્રતિમા સુધી પહોંચ્યા પછી ઉભા રહેવાની માંડ જગ્યા હોય ત્યાં સાબુવાળુ પાણી રેડવાથી લપસી પડવાનું જોખમ હોય, વળી, ગાંધીજી, ડૉ. આંબેડકર કે નેતાજી સુભાષચંદ્ર જેવાની પ્રતિમાઓ પરના નાજુક ચશ્મા સહિતને નુકસાન ના થાય કે પ્રતિમા ખંડિત ના થાય તેનું સતત ધ્યાન રાખવા સાથે તેઓ સફાઈ કાર્ય કરતા. પોતાના કરતા બમણી સાઈઝની પ્રતિમાઓની સફાઈનું આકરું કાર્ય પણ પુરી નિષ્ઠાથી કરી તેમણે મહાન વિભૂતિઓ પ્રત્યે આદર સન્માન જ નહી પરંતુ સ્વચ્છતાના સાચા અર્થને ચરિતાર્થ કરી બતાવ્યો છે. તેઓ સફાઈ કરતા હોય ત્યારે રાહદારીઓ કે વાહનચાલકો નજીક આવી પુછે કે 'પુણ્યતિથિ છે કે જન્મતિથિ' ત્યારે તેમને ખેદ થતો. અત્યાર સુધીમાં તેઓ વિધાનસભા સંકુલમાં મહાત્મા ગાંધી કે સામે ડૉ. આંબેડકરથી માંડીને સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, સ્વામી વિવેકાનંદ, પંડિત દિનદયાળ ઉપાધ્યાય, જવાહરલાલ નહેરુ, ભગતસિંહ, ઝવેરચંદ મેઘાણી, વીર સાવરકર, શિવાજી મહારાજ, મધર ટેરેસા સહિત અસંખ્ય વિભૂતિઓની પ્રતિમાની સફાઈ નિયમિત કરી ચુકયા છે. હવે આ કાર્યમાં તેઓની સાથે અન્ય સ્વયંસેવકો પણ જોડાતા તેમણે 'મહાપુરુષ સ્મૃતિ સ્મારક સેવા ટ્રસ્ટ'ની રચના કરી તેના થકી કાર્ય કરે છે. જો કે આ ટ્રસ્ટને હજુ સુધી એવું કોઈ નોંધપાત્ર દાન આ કાર્ય માટે મળ્યું નથી તેથી તેઓ પોતાના ખર્ચે અને જોખમે જ પોતાની સેવા આપી રહ્યા છે.

માત્ર પ્રતિમાની સફાઈ જ નહી પરંતુ લક્ષ્મણભાઈએ અમદાવાદમાં પોલિસ કમિશનરની પરવાનગી લઈ તમામ પોલિસ મથકોની પીવાના પાણીની ટાંકીઓને વિના મૂલ્યે સાફ કરવાનું અભિયાન હાથ ધર્યું હતું. પોલિસે આ કામ માટે તેમના પોતાના જોખમે અને ખર્ચે જ કરવા પરવાનગી આપી પરંતુ સાથે તેમ કરતા જો આરોગ્ય વિષયક ખતરો ઉભો થશે તો જવાબદારી પણ તમારી જ રહેશે તેવી શરત પણ મુકી હતી. જો કે તેમના કાર્યથી પ્રભાવિત થઈ કમિશનરે તેમને પ્રમાણપત્ર આપી સન્માન્યા હતા. આ રીતે લક્ષ્મણભાઈએ અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની તમામ શાળાઓની પીવાના પાણીની ટાંકીઓ સાફ કરી બાળકોના સ્વાસ્થ્ય વર્ધનની સેવાઓ પણ આપી છે. આખા વર્ષ દરમિયાન પ્રતિમાઓની સફાઈ કરતા તેના પરથી મળેલ સુતરની આંટીઓ પણ તેઓ એકત્ર કરી તેને સાફ કરી ગાંધી આશ્રમના સફાઈ વિદ્યાલયના વિદ્યાર્થીઓને અર્પણ કરે છે. ઈન્કમટેક્ષ સર્કલે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પંચામૃત સ્નાન કરાવનાર લક્ષ્મણભાઈ બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી, સાકર ખવડાવી, મ્હોં મીઠું કરાવી પુષ્પ આપી શુભેચ્છા પાઠવે છે તો સ્વામી વિવેકાનંદ જયંતિએ તેમનો સંદેશ વિદ્યાર્થીઓને આપી તેમની પુસ્તિકાનું વિતરણ પણ કરે છે. વર્ષ ૨૦૦૩માં સ્મૃતિવન સહિત વૃક્ષારોપણ નિયમિત પણે કરે છે. એક સામાન્ય વર્ગના માનવી હોવા છતાં દેશની મહાન વિભૂતિઓ પ્રત્યે આટલો આદરભાવ વ્યકત કરતા લક્ષ્મણભાઈને મહાન રાષ્ટ્ર પુરુષોની પ્રતિમાનું સફાઈ કાર્ય તેમની સંસ્થા થકી આજીવન કરતા રહેવું છે અને તે માટે વધુ યુવાનો જોડાય તથા સમાજ તેમના કાર્યથી પ્રેરિત થાય તેવુ સ્વપ્ન છે. લક્ષ્મણભાઈના સેવા કાર્યથી પ્રભાવિત થઈ એક અખબારે તેમને 'રામના નહી પરંતુ પ્રતિમાઓના લક્ષ્મણ' થકી નવાજયા હતા જે તદ્દન યથા યોગ્ય છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com





**આઈ લવ માય ગાંધીનગર**



**હરસિદ્ધિ જાની**

**ગાંધીનગર ગમે**
સુંદર, હરિયાળું અને સારા લોકોનું નગર હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
કલા સંવર્ધન માટે કલા તાલીમની જરૂરિયાત હું મહેસૂસ કરી રહી છું.

**નગર માટે હું કરી શકું**
કલા સંવર્ધન અને વ્યક્તિત્વ વિકાસ માટે હું મારી સઘળી સેવાઓ શહેરને આપવા માટે તૈયાર, તત્પર છું.

**@ગાંધીનગર**

● બ્રહ્મભવન ખાતે ભાદ્રપદ માસની નવરાત્રી નિમિત્તે રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે સવારે ૯.૦૦ કલાકે રૂદ્રાભિષેક ચંદ્રીકાબેન પંડયા દ્વારા કરાશે.

**વાતવાતમાં**

● રવિવારે વિશ્વકર્મા જયંતિ નિમિત્તે શહેરની સુવિખ્યાત પાવર કંપની કલ્પતરુ ખાતે પૂજા આરાધના સાથે ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે કંપનીમાં સૌથી ઓછી રજાઓ પાડનાર કર્મચારીઓનું રોકડ ઈનામોથી સન્માન કરવામાં આવ્યું હતું.

● ગાંધીનગરમાં આશા વર્કર્સ બહેનોના દેખાવો યોજાવાના હોવાથી સઘન પોલિસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ દેખાવોમાં આશાવર્કર્સની સંખ્યા વધુ હોવાથી પોલિસે વીઆઈપી રોડ 'જ' માર્ગને સદંતર બંધ કરી દેવાની ફરજ પડી હતી.

● કલોલમાં પોલિસે પોલિસને ઝડપી લીધી હોય તેવો ઘાટ સર્જાયો હતો. અમદાવાદ પોલિસના સ્વાંગમાં તોડબાજી કરવા આવેલી નકલી પોલિસને કલોલની સીટી પોલિસે ઝડપી પાડી હતી.

# શ્રીમતી સુશીલાબેન સુર્યકાન્તભાઈ મહેતાની સુકૃતની અનુમોદના

ગાંધીનગર, તા.૧૭

જૈન સમાજના મોભી અને ગાંધીનગરના પ્રથમ કલેકટર શ્રી સુર્યકાન્તભાઈ મહેતાના ધર્મપત્નિ સુશીલાબેનનું મૃત્યુ મહોત્સવ બની ગયું. તેમણે કરેલ સુકૃતની અનુમોદનાનો એક કાર્યક્રમ તા. ૧૮-૯-૨૦૧૭ને સોમવારે સવારે ૯.૦૦ કલાકે સેકટર-૨૨ના જૈન દેરાસરના ઉપાશ્રયમાં પૂજય ગુરૂભગવંતની નિશ્રામાં રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સર્વેએ સમયસર ઉપસ્થિત રહેવા શ્રી ગાંધીનગર શ્વેતાંબર મુર્તિપુજક જૈન સંઘે વિનંતિ કરેલ છે. આપ સર્વેની ઉપસ્થિતિ એ જ તેમના સુકૃતની સાચી અનુમોદના-શ્રધ્ધાંજલી છે.

# સિનિયર સિટિઝન્સ કાઉન્સિલનો રજત જયંતિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની સેવાકીય પ્રવૃત્તિ કરવા માટે જાણીતી સંસ્થા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ તેનો રજત જયંતિ મહોત્સવ ઉજવવા જઈ રહી છે ત્યારે આ રજત જયંતિ મહોત્સવમાં શાસ્ત્રીય નૃત્ય, ગાયન-વાદન, વેસ્ટર્ન ડાન્સ, મિમિક્રી, એક પાત્રીય અભિનય, એકાંકી નાટક, જાદુના ખેલ જેવા અનેક કાર્યક્રમો રજુઆત કરવામાં આવનાર છે.

આ રજત જયંતિ મહોત્સવ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક સભ્યોએ નમન એપાર્ટમેન્ટ પ્લોટ નં. ૭૯૦/એ, સે-૨૧ ખાતે ફોર્મ મેળવી તા. ૩૦-૯-૨૦૧૭ સુધીમાં બધી જ માહિતી સાથે ભરીને ઓફિસ ખાતે જમા કરાવવાનું રહેશે તથા સમિતિના કન્વીનર પ્રકાશ લાલા પ્લોટ નં. ૧૫૨૮/૨, સે-૨-સી ખાતે રૂબરૂ આપી શકાશે. વધુ માહિતી માટે મોબાઈલ નં. ૯૪૨૬૦૮૪૬૩૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

**ચિરવિદાય**

● સ્વ. વાઘેલા અમરસિંહ ગુલાબસિંહ, ઉ.વ. ૮૧